# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 27-07-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 21-મી સદીના ભારતમાં વિજ્ઞાન નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યું છે. આકાશવાણી પરથી પ્રસારિત મન કી બાત કાર્યક્રમમાં શ્રી મોદીએ આ વાત કહી. તેમણે કહ્યું, અવકાશમાંથી સલામત રીતે પરત આવેલા શુભાંશુ શુક્લા પર સમગ્ર દેશને ગર્વ છે.

બાઇટ..1 પીએમ મોદી

શ્રી મોદીએ યાદ કર્યું કે ઓગસ્ટ 2023 માં ચંદ્રયાન-3ના સફળ ઉતરાણથી દેશમાં એક નવું વાતાવરણ સર્જાયું હતું. તેમણે કહ્યું કે બાળકો વિજ્ઞાન અને અવકાશ પ્રત્યે જિજ્ઞાસા દર્શાવવા લાગ્યા, અવકાશ વૈજ્ઞાનિક બનવાની મહત્વાકાંક્ષાઓ વિકસાવી છે.

બાઇટ..2 પીએમ મોદી

આગામી 23 ઑગસ્ટે ઉજવવામાં આવનારા રાષ્ટ્રીય અવકાશ દિવસ અંગે પ્રધાનમંત્રીએ શ્રોતાઓને નમો ઍપ દ્વારા આ દિવસની ઉજવણી કઈ રીતે કરવી તે અંગે વિચાર રજૂ કરવા અપીલ કરી છે.

"સ્વચ્છ ભારત અભિયાન" ટૂંક સમયમાં 11 વર્ષ પૂર્ણ કરી લેશે. તેમણે આ અભિયાન જન આંદોલન બની ગયું હોવાનું જણાવ્યું. શ્રી મોદીએ અમદાવાદમાં રિવરફ્રન્ટ પર થયેલી સાફ-સફાઈએ સૌનું ધ્યાન ખેંચ્યું હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

શ્રી મોદીએ 7 ઓગસ્ટ 1905 ના રોજ શરૂ થયેલા સ્વદેશી ચળવળ વિશે પણ વાત કરી. તેમણે ઉલ્લેખ કર્યો કે આ ચળવળે સ્થાનિક ઉત્પાદનો, ખાસ કરીને હાથવણાટને નવી ઉર્જા આપી. આની યાદમાં, દેશ દર વર્ષે 7 ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય હાથવણાટ દિવસ ઉજવે છે. તેમણે કહ્યું, કાપડ ક્ષેત્ર દેશની એક મોટી તાકાત બની ગયું છે. શ્રી મોદીએ શ્રાવણ માસમાં આવતા તહેવારોની દેશવાસીઓને શુભેચ્છા પાઠવી હતી.

મન કી બાતને આવરી લેતું કચ્છી બુલેટિન આકાશવાણી ભુજ દ્વારા આજે સાંજે 7 અને 5 મિનિટે પ્રસારીત કરાશે.

---------------------------------------------------------------------------------------

## <u>ગાંધીધામ મહાનગરપાલિકા વિકાસકામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત</u>

ગાંધીધામને જાન્યુઆરી-2025 ના મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ પછી ગઈકાલે રૂ.42 કરોડના વિવિધ વિકાસકામોના લોકાર્પણ અને ખાત મુર્હત કરાયું હતું.

શહેરીજનો માટે પાણીની સુચારૂ વ્યવસ્થા, નવી ડ્રેનેજ સિસ્ટમ અને જુની અપગ્રેડ કરવાની કામગીરી, બાહ્ય અને આંતરીક રસ્તાઓના નવીનીકરણ, આરોગ્ય સેવાઓ વધુ મજબુત બનાવવા સહીતના કામોના ખાતમૂર્હત ઉપરાંત આદિપુર ડીસી-5 માં નવ નિર્મીત સરકારી શાળાનું લોકાર્પણ કરાયું હતું.

કચ્છ-મોરબીના સાંસદ વિનોદ ચાવડાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં નાગરીકોની સુવિધા માટે માય ગાંધીધામ એપનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ એપની મદદથી ગાંધીધામ-આદિપુરના રહેવાસીઓ ઘર બેઠા કોઇપણ સમસ્યા અંગે અરજી મહાનગર પાલિકા સુધી પહોંચાડી શકશે.

અત્રે ઉલ્લેકનીય છે કે તત્કાલિન નગરપાલિકા સમયે 110 કરોડનું બજેટ ફાળવાતું હતું જે મહાનગર પાલિકા બન્યા બાદ 608 કરોડનું ફાળવાયું છે.

---

## મહિલા ગૃહ ઉદ્યોગ

કચ્છમાં ગૃહ ઉદ્યોગ ચલાવતી લોહાણા સમાજની બહેનોને પગભર કરવા માટે ભુજમાં લોહાણા મહાપરિષદ મહિલા સમિતિ કચ્છ ઝોન દ્વારા ગૃહદર્શની-2 પ્રદર્શન અને વેચાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું

આ મેળામાં ભુજ, માધાપર, માંડવી, મુન્દ્રા, નખત્રાણા અને ગાંધીધામની બહેનોએ 65 થી વધુ ગૃહ ઉદ્યોગનાં સ્ટોલમાં વિવિધ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કર્યું હતું હતું. કચ્છી હેન્ડીક્રાફટ, રાખડી, નવરાત્રીના પોષાકો, ઘર બનાવટના સાબુ, મુખવાસ, શરબત, અગરબત્તી, બ્યુટી પ્રોડક્ટ્સ અને ખાણીપીણીના સ્ટોલ પર મોટી સંખ્યામાં બહેનોએ ખરીદી કરી હતી.

---

## ઘેટાં પાલકોને ઉન કારતરવાના મશીન અપાયા

લખપત તાલુકાના દયાપરમાં કેન્દ્રીય ઊન વિકાસ બોર્ડ જોધપુર , ગુશીલ અને સહજીવન સંસ્થાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં કચ્છના 40 ઘેટાપાલકોને ઊન કાતારવાના મશીન આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ સેન્ટ્રલ વુલ ડેવલપમેન્ટ બોર્ડના ડાયરેક્ટરની અધ્યક્ષતામાં યોજાયો હતો.

---

## માંડવી મર્ચન્ટ એસો. કરન્સી ચેસ્ટ

ધી કચ્છ માંડવી મરચન્ટ્સ એસોસિએશન દ્વારા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અમદાવાદને માંડવી ખાતે ફરીથી કરન્સી ચેસ્ટની સુવિધા શરૂ કરવામાં રજૂઆત કરવામાં આવી છે.

વેપારીઓની પરિસ્થિતિને ધ્યાને લઈ કચ્છ માંડવી એસોસિએશને રિઝર્વ બેંકને પત્ર લખીને માંગ કરી છે

---------------------------------------------------------------------------------------------